# પાલનપુર ભૂસ્તર વિભાગના ગુમ થયેલા સેવક પંદર દિવસે પરત ફર્યા

**ઓફિસમાં એક માસની રજા મુક્યા બાદ સેવક સૌરાષ્ટ્રની જાત્રાએ ગયા હતા : સેવકનો મોબાઈલ ખોવાઈ જતાં તેઓનો પરિવાર સાથે સંપર્ક તૂટ્યો હતો**

પાલનપુર તા.૨૪

પાલનપુર ખાતે આવેલ ભૂસ્તર વિભાગની કચેરીમાં ફરજ બજવતા સેવકે ઓફિસમાં એક માસની રજા મૂક્યા બાદ પંદર દિવસ અગાઉ પોતાના ઘરે ગાંધીનગર કામ અર્થે જવાનું ક્યાં બાદ તેમનો સંપર્ક તુટી જતા અને લાંબા સમય બાદ પણ તેઓની કોઈ ભાળ ન મળતા પરિવાર જનો ચિંતિત બન્યા અને તેમને શોધી કાઢવા પોલીસને રજૂઆત કરી છે. જે વચ્ચે ગુમ સેવક ઘરે પરત ફરતા પરિવારજનોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાટણ જીલ્લાના સિધ્ધપુરના વતની અને પાલનપુર ખાતે આવેલ જીલ્લા ખાણ ખનીજ વિભાગની કચેરીમાં સેવક તરીકે ફરજ બજાવતા અશોકકુમાર બી આચાર્યએ કોઈ કારણ સર ઓફિસમાં એક માસની રજા મૂકી રજા મૂકી હતી. પંદરેક દિવસ અગાઉ પરિવાર જનોને કામ અર્થે ગાંધીનગર જવાનું કહી ને નીકળ્યા બાદ તેઓ સાંજે પરત ન ફરતાં અને તેમનો મોબાઈલ બંધ આપવા પરિવાર જનો ચિંતિત થઈ ઉઠયા હતા .અને તેમની શોધખોળ કરવા છતાં પણ તેમની કોઈ પત્તો ન લાગતા આખરે આ ગુમ થયેલ સેવક અશોકકુમાર આચાર્યને શોધી કાઢવા તેમના પરિવારે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ દાખલ કરાવી હતી. જોકે પોલીસે ગુમ સેવકને સોધવાના પ્રયાસ કરી રહી હતી દરમ્યાન બે દિવસ અગાઉ ગુમ સેવક પોતના ઘરે પરત ફર્યા હતા જોકે તમને જણાવ્યું હતું કે હું સૌરાષ્ટ્રની જાત્રાએ નીકળ્યો હતો.અને તેમનો મોબાઈલ ખોવાઈ જતાં તેમનો પરિવાર સાથે સંપર્ક તૂટ્યો હતો જોકે ગુમ થયેલા સેવક પંદર દિવસ બાદ પોતના ઘરે હેમખેમ પરત ફરતા પરિવાર જનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

# જિલ્લામાં સર્પોનો મેટીંગ પીરીયડ શરુ, ગ્રામ્ય વિસ્તારોમાં સર્પે ટહેલવા લાગ્યા

**રાજપુર ગામે સર્પોની પ્રણય લીલા જોવા મળી**

બાયડ, તા.૨૪,

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસાના આરંભ સાથે સર્પોનો મેટીંગ પીરીયડ શરુ થયો છે જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં સર્પે ટહેલતા જોવા મળી રહ્યા છે. હિંમતનગર તાલુકાના રાજપુર ગામે ગત રોજ ૨ સર્પોની પ્રણય લીલા સીમાડામાં જોવા મળતાં લોકટોળાં એકત્ર થયાં હતાં.



ચોમાસાની સીઝનમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સર્પો નિકળવાની ઘટનાઓમાં વધારો થતો હોય છે. બિનઝેરી સર્પો સાથે કોબ્રા પ્રકારના ઝેરી સર્પો પણ રહેણાંક વિસ્તારમાં દેખા દેતા હોવાથી પ્રજામાં ભય ઉભો થતો હોય છે. ચોમાસાની શરુઆતમાં સરીસૃપ પ્રકારના વિવિધ સર્પોની પ્રજાતિ માટે જૂન મહિનો મેટીંગ માટે ખાસ મહત્વનો હોય છે જેથી નર અને માદા જ્યારે સીમાડામાં ભેગા થઈ જાય ત્યારે એકબીજાના પ્રણયમાં ગુંથાઈને ઓતપ્રોત થઈ જતા હોય છે. સર્પોના મેટીંગ પીરીયડથી અજાણ લોકો કુદરતી સહવાસની પ્રક્રીયાને સાપ લડ્યા તેવું માની લેતા હોય છે પરંતુ હકીકતમાં આ સીઝનમાં સર્પો તેમની વસતી વધારવા માટે એકબીજાનો સહવાસ ઝંખતા હોવાના કારણે ઠેકઠેકાણે તેમની હાજરી જોવા મળતી હોય છે. ગત રોજ હિંમતનગર તાલુકાના રાજપુર ગામના સીમાડામાં બિનઝેરી પ્રકારના નર અને માદા પ્રણય લીલામાં ઓતપ્રોત જોવા મળતાં સ્થળ ઉપર સર્પોની પ્રણય લીલાને જોવા માટે લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં. સીમાડામાં ૨ સર્પ એકબીજામાં ઓતપ્રોત રીતે ગુંથાયેલા જોવા મળતાં અનેક લોકોએ સર્પોની પ્રણય લીલાને મોબાઈલમાં કેદ કરી હતી. કહેવાય છે કે સર્પોની આ પ્રણય લીલા પછી ધોધમાર વરસાદ વરસતો હોય છે જેથી સૌ કોઈની નજર હવે આગામી વરસાદ ઉપર ટકેવાઈ છે.

**નવું શૈક્ષણિક સત્ર શરુ થયાના ૨૦ દિવસ પછી પણ નિર્ણયનો અભાવ**

# જિલ્લામાં પ્રવાસી શિક્ષકોની ભરતી ન થતાં અનેક શાળાઓમાં ૨-૨ વર્ગો ભેગા કરવાની નોબત

**ભયંકર બફારા અને સોગેશનથી વિદ્યાર્થીઓ પરેશાન**

બાયડ, તા.૨૪

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નવું શૈક્ષણિક સત્ર શરુ થયાના ૨૦ દિવસ પછી પણ પ્રવાસી શિક્ષકોની ભરતી અંગે કમિશ્નર શાળાઓની કચેરી-ગાંધીનગર દ્વારા કોઈ નિર્ણય ન લેવાતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૧૫૦થી વધુ શાળાઓમાં ધો.૯, ૧૦, ૧૧ અને ૧૨ના ૨-૨ વર્ગો શિક્ષકોના અભાવે ભેગા કરવાની નોબત આવી છે. એક તરફ ભયંકર બફારો અને બે વર્ગોમાં ઠાંસી ઠાંસીને વિદ્યાર્થીઓને બેસાડાતાં હોવાથી સફોગેશન થઈ રહ્યું છે જેના કારણે વિદ્યાર્થીઓના આરોગ્ય ઉપર પણ ખતરો મંડરાયો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર વર્ષ-૨૦૧૫ થી શાળાઓમાં શિક્ષકોની અછત દૂર કરવા શિક્ષણ વિભાગ દ્વારા તાસ દીઠ માનદ વેતનના આધારે પ્રવાસી શિક્ષકોની નિયુક્તિ માટે જે તે શાળાઓને એન.ઓ.સી. આપવામાં આવતી હતી અને દર વર્ષે માર્ચ મહિના દરમ્યાન તેમને મુક્ત કરવામાં આવતા હતા. આ વર્ષે તા.૫ જૂનથી નવું શૈક્ષણિક સત્ર શરુ થયું ત્યારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની અનેક શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની ભરતી થઈ નથી. કેટલાક શિક્ષકો વયમર્યાદાના કારણે ગયા સત્ર દરમ્યાન નિવૃત્ત થઈ ગયા. જેથી શાળાઓમાં વિદ્યાર્થીઓને ભણાવવા માટે શિક્ષકો ન હોવા જેવી સ્થિતિ કેટલીક શાળાઓમાં પ્રવર્તિ રહી છે. જ્યારે પ્રથમ સત્ર શરુ થયાના ૨૦ દિવસ પછી પણ ગાંધીનગર કક્ષાએથી પ્રવાસી શિક્ષકો બાબતે કોઈ નિર્ણય ન લેવાતાં શાળા સંચાલક મંડળ, આચાર્ય સંઘ અને શિક્ષક સંઘોના આગેવાનો પણ આ મુદ્દે વિભાગની નબળી નીતિ સામે જાહેરમાં રોષ પ્રગટ કરી રહ્યા છે. કેટલીક શાળાઓના આચાર્યો અને સંચાલકોએ જણાવ્યું કે પ્રવાસી શિક્ષકોની ભરતી માટે કોઈ નિર્ણય લેવાયો નથી. મંડળોની આર્થિક સ્થિતિ પણ ઠીક ઠીક છે અને ઓછા સ્ટાફના કારણે બે-બે વર્ગખંડો ભેગા કરીને શિક્ષણ કાર્ય ચલાવવાની નોબત આવી છે પરંતુ અનેક વાલીઓએ વર્ગખંડમાં વધુ વિદ્યાર્થીઓ બેસાડવા સામે પોતાનો અણગમો વ્યક્ત કરવાની શરુઆત કરી છે. સત્વરે આ મુદ્દે કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા નિર્ણય નહીં લેવાય તો સંચાલક મંડળ મોરચો માંડે તેવી પણ સંભાવના છે.

**સૂચના મળ્યા પછી નિર્ણય કરીશું - સાબરકાંઠા ડી.ઈ.ઓ.**

જિલ્લાની શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની ભરતી માટે એન.ઓ.સી. આપવામાં આવી નથી અનેક શાળાઓમાં બે-બે વર્ગખંડો ભેગા બેસાડવાની નોબત આવી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી મિતાબેન ગઢવીનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે ઉચ્ચ કક્ષાએથી આ અંગે હજુ સુધી સૂચના મળી નથી આજે કોઈ આ અંગેનો મેઈલ આવ્યો છે કે કેમ ?? તે હું ચેક કરીશ. ઉચ્ચ કક્ષાએથી પ્રવાસી શિક્ષકોની ભરતી માટે સૂચના અપાશે એટલે તૂરંત નિર્ણય કરીશું.

# ડીસા પોલીસ દ્વારા પાલનપુરના જવેલર્સની લુંટના કાવતરાનો પર્દાફાશ

ડીસા શહેર ઉત્તર પોલીસે પાલનપુરમાં એક મોટી લુંટના ગુન્હાના કાવતરાનો પર્દાફાશ કર્યો છે અને લૂંટને અંજામઆપે તે પહેલા જ ત્રણ શખ્સોને રિવોલ્વર અને જીવતા કારતુસ સાથે ઝડપી જેલના હવાલે કર્યા છે.

આ અંગેની વિગત એવી છે કે, ડીસા ઉત્તર પોલીસ મથકના કોન્સ્ટેબલ જે.ડી. પરમારને બાતમી મળી હતી કે ડીસાના નહેરુનગર ટેકરા વિસ્તારમાં ત્રણ શખ્સો દેશી બનાવટની પિસ્તોલ સાથે ફરી રહ્યા છે. જેથી પોલીસની ટીમ સ્થળ પર જઈ તપાસ કરતા નહેરુનગર ટેકરામાં કબીર આશ્રમની પાછળ તુરી- બારોટ વાસ તરફ જતા રસ્તા ઉપર એક મોટર સાયકલ પાસે ૩ શખ્સો ઉભા હતા. જેઓ પોલીસને જોઈને ભાગવા જતા પોલીસે ત્રણેયનો પીછો કરી ઝડપી લીધા હતા. પોલીસે હિતેશપુરી ઉર્ફે એક્શન બાબુપુરી ગોસ્વામી, રાહુલ ઉર્ફે પ્રતીક બાબુભાઈ ઠાકોર તેમજ વિષ્ણુજી ઈશ્વરજી ઠાકોરની અટકાયત કરી પૂછપરછ કરતા તેમની પાસેથી દેશી બનાવટની રિવોલ્વર અને એક જીવતો કારતુસ મળી આવ્યા હતા.

**સબ જેલમાં કાવતરું ઘડાયું**

પોલીસની પૂછપરછમાં ઝડપાયેલા આરોપીઓ અગાઉ પાલનપુર સબજેલમાં હતા ત્યારે પાલનપુરના ઈમરાન ઉર્ફે ભૂરા સિંધી સાથે મુલાકાત થયેલી અને તેણે પાલનપુરની એક જ્વેલર્સને લૂંટવાનો પ્લાન કર્યો હતો. બાદમાં જેલમાંથી બહાર આવ્યા બાદ આરોપીઓએ જ્વેલર્સની રેકી કરી કરી હતી અને દુકાનનો માલિક જ્યારે દાગીના લઈને ઘરેથી દાગીના લઈ દુકાને જતો હોય ત્યારે તેને લૂંટી લેવાનો કારસો રચ્યો હતો. આરોપીઓ પાલનપુર જવેલર્સની જ્યારે રેકી કરવા ગયા ત્યારે ઈમરાને ગેસ્ટ હાઉસમાં રહેવાની સગવડ પણ કરી આપી હતી

**રિવોલ્વર મધ્યપ્રદેશથી લાવ્યા હતા**

રિવોલ્વર ક્યાંથી અને કેવી રીતે લાવ્યા તે અંગે પૂછતાં ઝડપાયેલા આરોપીઓએ જણાવ્યું હતું કે તેઓ આજથી પંદર દિવસ અગાઉ પાલનપુરથી ટ્રેન મારફતે આગ્રા અને આગ્રાથી ટ્રાવેલ્સ મારફતે ધોલેપુર થઈ મોરેના પહોંચ્યા હતા જ્યાં જીતેન્દ્ર ઉર્ફે ટીલ્લુ તોમર મુરેના (મધ્યપ્રદેશ) પાસેથી રિવોલ્વર અને કારતુસ લાવ્યા હતા. ડીસા શહેર પોલીસે અત્યારે હિતેશપુરી ઉર્ફે એક્શન બાબુપુરી ગોસ્વામી રહે. ગોવર્ધનપાર્ક- ડીસા, રાહુલ ઉર્ફે પ્રતીક બાબુભાઈ ઠાકોર રહે. ભોપાનગર- ડીસા અને વિષ્ણુજી ઈશ્વરજી ઠાકોર રહે. ભોપાનગર-ડીસાની અટકાયત કરી છે જ્યારે જીતેન્દ્ર ઉર્ફે ટીલ્લુ તોમર મોરેના અને ઈમરાન ઉર્ફે ભૂરા સિંધી રહે. પાલનપુર સહિત ૫ લોકો સામે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**ગાંધીનગર સમાચારના અહેવાલનો પડઘો...**

# જિલ્લામાં ધો.૯ ના ડેરીવિજ્ઞાનના પાઠ્યપુસ્તકના કવર પેજમાં છબરડો બહાર આવતાં તમામ પુસ્તકો પરત લેવાયા

**ધો.૯ના પાઠ્યપુસ્તકમાં ધો.૧૧ના કોમર્સ વિષયનું સાહિત્ય, અનેક વિદ્યાર્થીઓ ચોંક્યા**

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૪

સાબરકાંઠા જિલ્લામાં ધો.૯ વ્યવસાયલક્ષી પ્રવાહના વિદ્યાર્થીઓને મફત આપવામાં આવેલા પશુપાલન અને ડેરી વિજ્ઞાનના પાઠ્યપુસ્તકના કવર પેજમાં છબરડો વળ્યાના અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતાં રાજ્ય પાઠ્યપુસ્તક મંડળે જિલ્લા શિક્ષણાધિકારીને તાકીદ કરી તમામ શાળાઓમાંથી પાઠ્યપુસ્તકો પરત મેળવી લેવા જણાવતાં તલોદ તાલુકામાંથી શાળાઓએ પાઠ્યપુસ્તકો પરત કર્યાનું જાણવા મળ્યું છે. છબરડો કેવી રીતે વળ્યો અને કોની ભૂલ છે..?? તે દીશામાં પાઠ્યપુસ્તક મંડળે તપાસ શરૂ કરી છે તેમ પ્રકાશભાઈ મિસ્ત્રીએ જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલાં ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તમામ શાળાઓને વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે પાઠ્યપુસ્તકો ગત મે. મહિનામાં ફાળવી દેવામાં આવ્યા હતા. તા.૫ જૂનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું એ સાથે શાળાઓમાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોના સેટ આપવામાં આવ્યા હતા. સાબરકાંઠા જિલ્લામાં આપવામાં આવેલા પાઠ્યપુસ્તકના લોટમાં ધો.૯ના પશુપાલન અને ડેરી વિજ્ઞાનના પાઠ્યપુસ્તક જોઈ વિદ્યાર્થીઓ મલકાયા પરંતુ અંદરનું પાનું ખોલતાં ધો.૧૧ નામાનાં મૂળતત્વોનું સાહિત્ય જોઈ વિમાસણમાં મૂકાયા. ધો.૯ના પાઠ્યપુસ્તકમાં ધો.૧૧નો અભ્યાસક્રમ જોઈ કેટલાક વિદ્યાર્થીઓએ વર્ગશિક્ષક અને વિષય શિક્ષકને રજૂઆત કરી પરંતુ આ મામલો બહાર ન આવે તેવા પ્રયાસ થયા પરંતુ આખરે આ વિગતો સામે આવ્યા પછી ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તેની નોંધ લઈ કયા જિલ્લામાં આ પ્રકારની ભૂલ જોવા મળી છે તે શોધી કાઢી સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીને આવાં પાઠ્યપુસ્તકો જે તે શાળાઓમાંથી એકત્ર કરી પરત મોકલવા માટે તાકીદ કરાયાનું જાણવા મળ્યું છે.

# પાલનપુર ના હરીપુરા વિસ્તારમાં ગંદા પાણી માર્ગો ઉપર ભરાઈ જતાં નરકાગાર જેવી સ્થિતિ...

**હરીપુરામાં રસ્તાનું કામ અધૂરું મૂકી દસ દિવસથી કોન્ટ્રાક્ટર ગાયબ : મુખ્ય માર્ગની ચેમ્બરો અને પીવાના પાણીના કનેક્શન તોડી નાખતાં રહીશોને ભારે હાલાકી**

પાલનપુર તા.૨૪

પાલનપુરના હરીપુરા વિસ્તારમાં નગરપાલિકા દ્વારા નવો રોડ બનાવવામાં આવી રહ્યો છે. જોકે, કોન્ટ્રાક્ટર રોડનું કામ અધૂરું મૂકી ૧૦ દિવસથી જતો રહ્યો છે. જ્યાંમુખ્ય માર્ગની ચેમ્બરો અને પીવાના પાણીના કનેક્શન તોડી નાખતાં રહીશોને ભારે હાલાકી પડી રહી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરના હરીપુરા વિસ્તારમાં નગરપાલિકા દ્વારા નવો રોડ બનાવવામાં આવી રહ્યો છે. જોકે, કોન્ટ્રાક્ટર રોડનું કામ અધૂરું મૂકી ૧૦ દિવસથી જતો રહ્યો છે.

આ અંગે આ વિસ્તારના રહીશોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, બોક્સ કટીંગ કરતી વખતે જેસીબી દ્વારા મુખ્ય માર્ગની ચેમ્બરો તેમજ પીવાના પાણીના કનેકશનનો તોડી નાખવામાં આવ્યા છે. ગંદુ પાણી માર્ગો ઉપર ઉભરાઈ રહ્યું છે. હવે ચોમાસુ પણ માથા ઉપર છે. ત્યારે જો સત્વરે આ રોડનું કામ પૂર્ણ કરવામાં નહીં આવે તો પારાવાર મુશ્કેલીઓ ઊભી થશે. ત્યારે ટેન્ડર પ્રમાણે બાકી રહી ગયેલી સેનેટરી આઈટમ, ચેમ્બર, મેઈન રોડમાં આવતા કનેક્શનનું જોડાણ સઘળી બાબતો ધ્યાને રાખી સત્વરે આ માર્ગનું કામ પૂરું કરવામાં આવે તેવી અમારી માંગ છે. જો તેમ નહીં થાય તો જિલ્લા કલેકટર સમક્ષ રજૂઆત કરી આગળ કાર્યવાહી કરીશું.


**અરવલ્લીમાં વરસાદી ઝાપટા, અસહ્ય બફારા અને ઉકળાટથી પ્રજાજનો ત્રાહિમામ**

# મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટા, અસહ્ય ઉકળાટ અને બફારાથી લોકો તોબા પોકારી ઉઠ્યા

મોડાસા, તા. ૨૪

ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી મુજબ મેઘરાજાની શાહી સવારી અનેક જીલ્લામાં પહોંચી હતી પંચમહાલ,ખેડા,આણંદ સહિતના વિસ્તારોમાં અનરાધાર વરસાદ વરસતા અનેક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય ગયા હતા અરવલ્લી જીલ્લામાં વહેલી સવારથી વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ વરસાદી ઝાપટ પડ્યા હતા જીલ્લાના અનેક વિસ્તારોમાં ઝરમર ઝરમર વરસાદથી રોડ-રસ્તા ભીના થયા હતા જીલ્લાના ખેડૂતો આકાશ તરફ મીટ માંડી મેઘરાજા મહેરબાન થાય તેની રાહ જોઈ રહ્યા છે

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાના વાતાવરણમાં પલ્ટો આવવાની સાથે આકાશે વાદળ ગોરંભાયા હતા જો કે મેઘમહેર ન થતા અસહ્ય બફારા અને ઉકળાટથી લોકો હેરાન થયા હતા જીલ્લામાં પ્રી મોન્સૂન એક્ટિવિટીનો પ્રારંભ થયો હોય તેમ કેટલાક ગ્રામ્ય વિસ્તારો અને મોડાસા શહેરમાં વરસાદી ઝાપટા પડ્યા હતા વરસાદી ઝાપટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અરવલ્લી જીલ્લામાં વાવણી લાયક વરસાદની ખેડૂતો રાહ જોઈ રહ્યા છે



**દરરોજ ૫૦થી વધુ કબૂતરને મારી કોથળામાં ભરી લઈ જાય છે ....**

# પાલનપુરમાં વહેલી સવારે કબૂતરનો શિકાર કરતી ગેંગ : દુકાનોના છજાઓમાં રહેતા કબુતરોનો ગિલોલથી શિકાર

પાલનપુર તા.૨૪

પાલનપુરમાં વહેલી



સવારે ૪:૦૦ થી ૫:૩૦ કલાકના અંધારામાં ગુરુનાનક ચોક, સીટી લાઈટ વિસ્તારમાં આવેલી દુકાનોના છજાઓમાં બેઠેલા કબુતરોનો ટોળકી દ્વારા શિકાર કરવામાં આવી રહ્યો છે. દરરોજના ૫૦ થી વધુ કબુતરોને મારી નાખવામાં આવતા હોય જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ સાથે આ શિકારી ટોળકીને ઝડપી લેવામાં આવે તેવી પ્રચંડ માંગ ઉભી થવા પામી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરમાં સીટી લાઈટ રોડ નજીક આવેલ હીરા બજાર, ગુરુનાનક ચોકથી જુના બસ સ્ટેન્ડ રોડ નજીક આવેલ ડો. ગિરધર પટેલ માર્ગ સહિતના સ્થળોએ વહેલી સવારે આવતી ટોળકી દ્વારા કબૂતરોનો શિકાર કરવામાં આવી રહ્યો છે.

આ અંગે એક હોસ્પિટલમાં ફરજ બજાવતા રવિભાઈએ જણાવ્યું હતું કે, શિકારી ટોળકી વહેલી સવારે ૪:૦૦ થી ૫:૩૦ કલાકના સમયમાં આવતી શિકારી ટોળકી જુના બસ સ્ટેન્ડ, ડો. ગિરધર પટેલ માર્ગ, નવરત્ન શોપિંગ સેન્ટર, સીટી લાઈટ રોડ ની બાજુમાં આવેલ હીરા બજાર સહિત નાની ગલીઓમાં આવેલ દુકાનોના છજા, સટરના ઉપરના ભાગે બેઠેલા કબૂતરોનો ગિલોલથી શિકાર કરે છે. ૫૦થી વધુ કબૂતરો મારીને લઈ જાય છે. એમનો પ્રતિકાર કરવા જઈએ તો સામે હુમલો પણ કરતા હોય છે. જો વહેલી સવારે પોલીસ પેટ્રોલિંગ કરવામાં આવે અથવા જીવદયા પ્રેમીઓ દ્વારા વોચ રાખવામાં આવે તો આ ટોળકી ઝડપાઈ શકે છે.

**આવા તત્વો દેખાય તો તુરંત મને ફોન કરોઃ એસ.કે. પરમાર (પી.આઈ. પૂર્વ પોલીસ પાલનપુર)**

શહેરમાં વહેલી સવારે કબૂતરોનો શિકાર કરતી ટોળકીની અગાઉ પણ ફરિયાદો મળી હતી. જે તે સ્થળે સિક્યુરિટી ગાર્ડને આવા તત્વોને જાણ કરવા કહેલું છે. આવા તત્વો દેખાય તો તુરંત મારા મોબાઈલ નંબર ૯૩૭૪૪૯૩૯૬૬ ઉપર ત્વરિત જાણ કરવી.

**અમે વોચ ગોઠવી ટોળકીને પોલીસને હવાલે કરીશુંઃ સંજય પ્રજાપતિ (જીવદયા પ્રેમી પાલનપુર)**

અમે હાઈવે ઉપર ટ્રકોમાં કતલખાને લઈ જતા પશુઓને બચાવીએ છીએ. હવે શહેરમાં પણ વહેલી સવારે વોચ ગોઠવી કબૂતરોનો શિકાર કરતી ટોળકીને ઝડપી પોલીસને હવાલે કરીશું.

# ભિલોડા પોલીસે બુઢેલી નજીક સ્વીફ્ટ ડિઝાયર કાર માંથી ૧.૧૧ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

**બુટલેગરો અંતરિયાળ માર્ગો તરફ**

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લાની રાજસ્થાન રાજ્યને અડીને આવેલી આંતરરાજ્ય સરહદ પરથી બુટલેગરો વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે જીલ્લા પોલીસતંત્ર બુટલેગરોની ખેપને



નિષ્ફળ બનાવવા સતત દોડાદોડી કરી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી રહી છે ભિલોડા પોલીસે બુધાસણની સીમમાં બુઢેલી રોડ પરથી સ્વીફ્ટ ડિઝાયર કારમાંથી ૧.૧૧ લાખથી વધુનો શરાબ જપ્ત કરી ફરાર બુટલેગર સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. ભિલોડા પીઆઈ એચ.પી.ગરાસીયા અને તેમનીટીમે અંતરિયાળ વિસ્તારોમાં અસામાજીક પ્રવૃતિઓ અટકાવવા પેટ્રોલિંગ હાથધરતા સ્વીફ્ટ ડિઝાયર કારમાં બે બુટલેગરો વિદેશી દારૂ ભરી બુધાસણ તરફના રોડ પરથી પસાર થવાના હોવાની બાતમી મળતા વોચ ગોઠવતા બાતમી આધારિત કાર આવતા અટકાવવાનો પ્રયાસ કરતા કાર ચાલક બુટલેગરે બુઢેલી રોડ પર હંકારી મુકતા પોલીસે ફિલ્મીઢબે પીછો કરતા બુટલેગરો કાર રોડ પર મૂકી ફરાર થઈ જતા રોડ પર પડેલી સ્વીફ્ટ ડિઝાયર કારમાંથી વિદેશી દારૂ,ક્વાંટરીયા અને બિયર નંગ-૪૮૮ કીં.રૂ.૧૧૧૭૯૨/- તેમજ કાર મળી કુલ રૂ.૪.૧૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બંને બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પાલનપુરના લડબી નાળા પાસે રોડના ધોવાણથી અકસ્માતની દહેશત...

**વાહનોથી ધમધમતા હાઈવે પર પડેલા ગાબડાનું સમાર કામ કરવા માંગ ઉઠી**



પાલનપુર તા.૨૪

બનાસકાંઠા જિલ્લામા ભારે વરસાદ પડતાં અનેક રોડ રસ્તા ઓનું ધોવાણ થયું છે જેમા પાલનપુરમાં ડીસા હાઈવે પર આવેલા લડબી પાસે પણ રોડ ધોવાઈ જતા મોટું ગાબડું પડ્યું હોય આ માર્ગે પસાર થતા વાહન ચાલકોમાં અકસ્માત સર્જાવાની દહેશત વર્તાઈ રહી છે ત્યારે આ માર્ગે નું સત્વરે સમાર કામ કરવાની માંગ ઉઠી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, બનાસકાંઠા જિલ્લામા તાજેતરમાં ત્રણ દિવસ પડેલા વરસાદને લઈ અનેક રોડ રસ્તા ધોવાઈ જતાં અનેક ગામ સંપર્ક વિહોણા બન્યા હતા. જોકે માર્ગે મકાન વિભાગ દ્વારા આ તૂટેલા રોડ રસ્તાઓનું સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ પાલનપુરમા રાત દિવસ વાહનો થી ધમધમતા ડીસા હાઈવે પર આવેલા લડબી નાળા પાસે રોડ પર પડેલ ગાબડું નજરે ન પડતા આ ગાબડાંને લઈ વાહન ચાલકો માં અકસ્માત સર્જવાની ભીતી સેવાઈ રહી છે. જોકે તાજેતરમાં પડેલ ભારે વરસાદ માં આ હાઈવેનું ધોવાણ થવા થી મોટું ગાબડું પડ્યું છે જેના ઘણાં દિવસો વીતવા છતાં પણ સમાર કામ કરવામાં જવાબદાર તંત્ર લાપરવાહી દાખવતા લોકોમાં રોષ ભભુકી ઉઠયો છે.

જોકે હાઈવે પરનું આ ગાબડું કોઈ દૂર્ગટનાને અંજામ આપે તે પહેલાં જવાબદાર તંત્ર તેની સત્વરે મરામત કરાવવામાં આવે તેવી પ્રબળ લોક માંગ ઉઠી છે.